# ૧૨ જૂન –૨૦૧૬ (રવિવાર)

**(૧) વિશ્વ બાળ મજુર દિન**

**(૨) લોકેશ રાહુલ – ક્રિકેટર**

- ભારતીય ઓપનર લોકેશ રાહુલ ઝિમ્બામ્બ્વે સામેની તેની કારકીર્દિની પ્રથમ વન–ડેમાં સદી ફટકારના ઇતિહાસ રચી દિધો હતો.
- આ સાથે રાહુલ ભારતનો એવો સૌપ્રથમ બેટ્સમેન બની ગયો છે. જેને કારકીર્દિની સોપ્રથમ વનડેમાં સદી ફટકારી હોય.
- જ્યારે વિશ્વ ક્રિકેટમાં પ્રથમ મેચમાં જ સદી ફટકારનાર તે ૧૧મો ખેલાડી બન્યો.

**(૩) રિયો ઓલિમ્પિકમાં ભારતના ટેનિસ ખેલાડીઓની જોડીનો નિર્ણય :**

- ઓલ ઇન્ડિયા ટેનિસ એસોસિએશને રિયો ઓલિમ્પિક માટે ખેલાડીઓની જોડીની જાહેરાત કરી.
- એ મુજબ મેન્સ ડબલ્સમાં રોહન બોપન્ના અને લિએન્ડર પેસ ભારતનું પ્રતિનિધિત્વ કરશે.
- લિએન્ડર સાતમી વખતે ઓલિમ્પિક રમનારો દુનિયાનો સૌપ્રથમ ટેનિસ ખેલાડી બનશે.
- વિમેન્સ ડબલ્સમાં સાનિયા મિર્જા અને પ્રેરણા થોમ્બરે રહેશે.
- તથા મિક્સ ડબલ્સમાં સાનિયા મિર્ઝા અને રોહન બોપન્ના ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

**(૩) દ્વારકામાં સુદામા સેતુનું લોકાર્પણ :–**

- યાત્રાધામ, દ્વારકાના ગોમતી કાંઠેથી સામા વિસ્તાર પંચનંદ તીર્થ (પંચકૂઇ) સુધી જવા માટે બનેલા ઝુલતા પુલ સુદામા સેતુનું મુખ્યમંત્રીના હસ્તે ૧૧ જૂનના રોજ લોકાર્પણ
- યાત્રાધામ વિકાસ બોર્ડ અને રિલાયન્સ કંપનીના સહયોગથી બનેલા આ પુલમાં રૂા. ૭.૭ કરોડનો ખર્ચ થયો.
- આ પ્રસંગે મુખ્યમંત્રીએ જાહેરાત કરી કે ઓખા અને બેટ વચ્ચે દરિયામાં અન્ડર વોટર ગ્લાસ બ્રિજનું નિર્માણ કરવામાં આવશે.
- સમુદ્રી જળ સૃષ્ટિને નિહાળી શકાય તે રીતે આ બ્રિજ તૈયાર કરવામાં આવશે. જેનો તમામ ખર્ચ કેન્દ્ર સરકાર ઉઠાવશે.
- સુદામા સેતુની ખાસીયત અને ખુબીઓ
  લંબાઇ ૧૬૬ મીટર, પહોળાઇ ૨.૪ મીટર
- વધુમાં વધુ ૨૫ હજારથી ૩૦ હજાર સુધીની સંખ્યામાં યાત્રાળુઓ એકસાથે 'સુદામા સેતુ' ઉપરથી અવર–જવર કરી શકશે.
- જમીનથી ૧૭ મીટર ઉંડે પાયા લઇ જવાયા છે.
- સમગ્ર પુલ એલઇડી લાઇટીંગથી જગારા મારશે છતાં વિજળીનો વપરાશ મર્યાદીત કરશે.
- ભારતમાં સૌથી વધુ પહોળાઇ ધરાવનારા પગપાળા પુલોમાંનો એક.
- ઋષિકેશમાં લક્ષ્મણ ઝુલા ૧.૫ મીટર તથા રામઝુલા ૧.૮ મીટર અને મધ્યપ્રદેશમાં ઓમકારેશ્વર પુલ ૨.૪ મીટર પહોળાઇ ધરાવે છે.

પ્રશ્નો :

(૧) ૧૨ જૂને કયો દિવસ મનાવવામાં આવે છે ?
- વિશ્વ બાળ મજુર દિવસ

(૨) પોતાની પ્રથમ મેચમાં જ સદી ફટકારનાર ભારતીય ખેલાડી ?
- લોકેશ રાહુલ

(૩) રિયો ઓલિમ્પિકમાં ટેનિસમાં મેન્સ ડબલ્સમાં ભારતની કઇ જોડી રમશે ?
- રોહન બોપન્ના અને મહેશ ભૂપતિ

(૪) કયો ભારતીય ટેનિસ ખેલાડી ઓલિમ્પિકમાં સાતમી વખત રમનારો વિશ્વનો પ્રથમ ખેલાડી બનશે ?
- લિએન્ડર પેસ

(૫) રિયો ઓલિમ્પિકમાં વુમન્સ ડબલ્સમાં ભારતીય જોડી ?
- સાનિયા મિર્ઝા અને પ્રેરણા થોમ્બરે

(૬) રિયો ઓલિમ્પિકમાં મિક્સ ડબલ્સમાં ભારતીય જોડી ?
- સાનિયા મિર્ઝા અને રોહન બોપન્ના

(૭) તાજેતરમાં યાત્રાધામ દ્વારકામાં કયાં ઝુલતાપુલનું ઉદ્ઘાટન થયું ?
- સુદામા સેતુ

(૮) સુદામાં સેતુની લંબાઇ અને પહોળાઇ ?
- લંબાઇ – ૧૬૬ મીટર, પહોળાઇ ૨.૪ મીટર

(૯) ભારતમાં સૌથી વધુ પહોળાઇ ધરાવનાર પગપાળા પુલનું નામ આપો
- (૧) મધ્યપ્રદેશમાં ઓમકારેશ્વર પુલ – ૨.૪ મીટર
  (૨) દ્વારકામાં સુદામા સેતુ પુલ – ૨.૪ મીટર

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧